# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)-૨૦૨૦ ની સંકલ્પનાને અનુરૂપ ધોરણ-૯ થી ૧૨ ની પરીક્ષા પદ્ધતિમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૯ અને ધોરણ-૧૧ની હાલની પરીક્ષા પદ્ધતિમાં નીચે દર્શાવ્યા મુજબ ફેરફાર કરી સરળીકરણ કરવા અંગે થયેલ દરખાસ્ત ઉપર રાજ્ય સરકારની મંજુરીનેં ધ્યાને રાખી વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં નીચે મુજબ નિર્ણય કરવામાં આવે છે.

| હાલની જોગવાઈ | | | | સુધારેલ જોગવાઈ | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર | ધોરણ | હેતુલક્ષી પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નો | વર્ણનાત્મક પ્રશ્નોમાં વિકલ્પનો પ્રકાર |
| ૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા | ૨૦% | ૮૦% | આંતરિક વિકલ્પ | ૯ અને ૧૧ (તમામ પ્રવાહ) તેમજ સંસ્કૃત પ્રથમા અને મધ્યમા | ૩૦% | ૭૦% | તમામ પ્રશ્નોમાં જનરલ વિકલ્પ |

ઉપરોક્ત વિગતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૯ અને ધોરણ-૧૧ ની સુધારેલ પરીક્ષા પદ્ધતિ શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ થી અમલમાં આવશે. તે માટે તજજ્ઞશ્રીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ મુખ્ય વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ મારફતે શાળાઓને જાણ તથા અમલ સારૂં મોકલવામાં આવેલ છે તેમજ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પણ અપલોડ કરવામાં આવેલ છે. અન્ય વિષયોના પ્રશ્નપત્ર પરિરૂપ, ગુણભાર અને નમૂનાના પ્રશ્નપત્રો તબક્કાવાર પ્રસિદ્ધ કરવામાં આવશે.

ઉક્ત બાબતે તમામ સંબંધિતોએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૪/૦૯/૨૦૨૪
સ્થળ:- ગાંધીનગર

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

E:\HK-\પરીક્ષા - ૨૦૨૩\akhabari yadi - 04-09-2024.docx